જેણે તક ગુમાવી એણે
સફળતા ગુમાવી
- ચાર્લ્સ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૫૦ ૮ ઓગષ્ટ ૨૦૧૨, બુધવાર, શ્રાવણ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના ચારેય તાલુકા અછતગ્રસ્ત જાહેર

## જિલ્લાની રચના બાદ પ્રથમવાર અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયો : કુલ ૨૨ જિલ્લાના ૧૫૨ તાલુકા અછતગ્રસ્ત જાહેર કરાયા : ૧૨૫ મી.મી.થી ઓછા વરસાદવાળા વિસ્તારોને અછતગ્રસ્ત ગણવાનો રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકા ગાંધીનગર, માણસા, દહેગામ અને કલોલને અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાની રચના થયા બાદ પ્રથમવાર જિલ્લાને અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૧૨૫ મિ.મિ. કરતાં ચારેય તાલુકામાં ઓછો વરસાદ નોંધાયો છે.

રાજ્ય સરકારે અછતગ્રસ્ત વિસ્તારો જાહેર કરવા માટે પહેલીવાર વરસાદના આંકડાઓને અગ્રતા આપી છે. સામાન્યઃ અછતગ્રસ્ત વિસ્તારો જાહેર કરવા માટે આનાવારી પણ લક્ષમાં લેવામાં આવતી હોય છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નાણાંમંત્રી શ્રી વજુભાઈ વાળાની અધ્યક્ષતામાં મળેલ ઉચ્ચસત્તાધિકારી સમિતિના અહેવાલને આધારે આ નિર્ણય કર્યો છે.

આ સમિતિની ભલામણ અનુસાર લીલા ઘાસચારાના વાવેતર માટે પ્રતિ હેક્ટર રૂ. પાંચ હજારની પ્રોત્સાહન સબસીડી આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, રાજ્યમાં અપૂરતા વરસાદ અને ચોમાસાની અનિશ્ચિતતાના પરિણામે સર્જાયેલી પરિસ્થિતિના પડકારને પહોંચી વળવા કાર્યરત કરેલી, નાણાં મંત્રીશ્રી વજુભાઈ વાળાના અધ્યક્ષતા હેઠળની ઉચ્ચ સત્તાધિકાર સમિતિએ આજે મળેલી બેઠકમાં અછતની સંભવિતતા ધ્યાનમાં રાખીને રાજ્યના ૧૪ જિલ્લાઓના તમામ તાલુકાઓ અને અન્ય ૬ જિલ્લાઓના ૧૮ તાલુકા મળી કુલ ૧૫૨ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લીધો હતો.

આ ઉચ્ચ સત્તાવાળી સમિતિના અન્ય સભ્યોમાં પંચાયત

● અનુસંધાન પાન-૭ પર



લુપ્ત થઈને સાવ ક્ષીણ થઈ ગયેલી લોક કલા ભવાઈનો પ્રયોગ સૅક્ટર-૫ ખાતે યોજાયો હતો. આજની પેઢીએ જે કલાનું નામ પણ નથી સાંભળ્યું એવી આ કલાને જોવા માટે આ પેઢી હોંશભેર ઉપસ્થિત રહી હતી. કહેવાની જરૂર નથી કે અંગ્રેજી ફિલ્મો ને ડિજીટલાઈઝેશનના આ જમાનામાં આ લોકકલાને નિહાળવા બહુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા ન હતા. (તસવીર : દિપક જાની)

# મનપાના અર્બન મેલેરિયા તંત્ર દ્વારા ત્રણ લેબર એજન્સીઓને નોટીસ

## મેલેરિયા વિરોધી પગલાં નહિ લેવાય તો સાઈટ પરનું કામકાજ થંભાવી દેવાની તંત્રને ફરજ પડશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની ત્રણ જેટલી બાંધકામ સાઈટો પર કામ કરતી એજન્સીઓને મેલેરિયા વિરોધી પગલાં નહિ લેવાય તો સાઈટ પરનું કામકાજ થંભાવી દેવાની તંત્રને ફરજ પડશે તેવી નોટીસો તંત્ર દ્વારા પાઠવવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આવી નોટીસો એલ એન્ડ ટી, પીએસપીઓ અને પ્રિવીલમાં બાંધકામની કામગીરી સંભાળતી એજન્સીને આપવામાં આવી છે. આ માટે આ એજન્સીઓને ૧૫ દિવસનો સમય પણ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડાક સમયથી મેલેરિયાના કેસોએ જે માથુ ઉંચક્યું છે તેમાં બહારથી આવેલા શ્રમિકોના કેસ વધુ જણાતાં તંત્રએ તપાસ હાથ ધરી હતી અને તને અંતે આ નોટીસો આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મેલેરિયા વિરોધી ઝુંબેશ અંતર્ગત તંત્રએ અગાઉ પણ આ એજન્સીઓના ચાલી રહેલા બાંધકામના સ્થળો તેમજ શ્રમિકોના આવાસ વિસ્તારની મુલાકાત લીધી હતી. આ શ્રમિકોના સ્ક્રીનીંગનો પણ તંત્રએ નિર્ણય કરી સ્લાઈડો મેળવી તપાસ હાથ ધરી હતી.

આ એજન્સીઓના શ્રમિકો સતત બદલાતા રહેતા હોવાથી આ કાર્યવાહી દરમ્યાન તંત્રએ પણ આરોગ્ય વિષયક પગલાં લેવા માટે મૌખિક તેમજ લેખિતમાં સૂચનાઓ આપી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડા સમયમાં મેલેરિયાના કેસો વધ્યા છે. જો કે આ કેસોમાં શ્રમિકોની સંખ્યા વધુ જણાઈ છે. આ શ્રમિકોના પુરા સરનામા પણ ઉપલબ્ધ નહિ બનતા હોવાને કારણે તંત્રને એન્ટી લારવેલની કામગીરી કરવામાં પણ તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

# મનપાના સભા સંચાલનના નિયમોને સરકારની મંજૂરી

## દરખાસ્તો કે પ્રસ્તાવો મંજૂર, નામંજૂર કરવાની સત્તા મેયરને : સભ્યએ તેની રજૂઆત પાંચ જ મિનિટમાં કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના સભા સંચાલન અંગેના નિયમોને રાજ્યના શહેરી વિકાસ વિભાગે આખરે ગઈકાલે બહાલી આપી દીધી છે અને તેની વિધિવત્ જાણ કોર્પોરેશન સત્તાવાળાઓને કરી દેવામાં આવી છે.

સરકારના શહેરી વિકાસ વિભાગે સામાન્યસભા સંચાલન અંગેના નિયમોને આપેલી બહાલીમાં દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં બેઠક યોજવા સહિત ઘણા બધા મહત્વના નિયમોનો સમાવેશ થાય છે.

આ નિયમોમાં સભ્યોને તેમની રજૂઆત માટે વધુમાં વધુ પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે. તેમજ સભાની કાર્યવાહી દરમ્યાન સભ્ય ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં પોતાની રજૂઆત કરી શકશે.

સભ્યો દ્વારા રજુ કરવામાં આવતી દરખાસ્તો સ્વીકારવાની કે નામંજૂર કરવાની સત્તા મેયરને સોંપવામાં આવી છે. આ પ્રમાણે સભા મોકુફ રાખવાની સત્તા મેયરને જ આપવામાં આવી છે.

સભામાં કોરમ ના થાય તેવા સંજોગોમાં સભા મોકુફ રાખવાની સત્તા બે દિવસથી વધુ સમય માટે મોકુફ રાખી શકાશે નહિ. ગૃહમાં ૧/૪ કરતાં ઓછા સભ્યો દેખાતાં ગૃહ નોન કોરમ થયેલું કહેવાશે અને તે સમયે જ બેઠક મોકુફ કરવાની રહેશે તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

ખાસ સામાન્ય સભા બોલાવવા માટે ૩/૪ સભ્યો અથવા તો સ્થાયી સમિતિના ચાર સભ્યો દ્વારા લેખિતમાં માંગ કરવામાં આવે તો ત્રણ દિવસની નોટીસ આપી બોલાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. ખાસ સામાન્ય સભામાં ગંભીર પ્રકારની અવ્યવસ્થા ઉભી થાય તો ત્રણ દિવસ માટે જ આ સભા મોકુફ કરી શકાશે તેવી પણ જોગવાઈ છે.

આ સામાન્ય સભાના નિયમોની કરાયેલી જોગવાઈમાં ઝીરો અવર કે પ્રશ્નોત્તરી વિશેનો ઉલ્લેખ કરાયો ન હોવાથી તે મુદ્દો ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

જે નિયમોને બહાલી આપવામાં આવી છે તેમાં સભાગૃહને વારંવાર દખલ કરતા સભ્યને સભામાંથી દૂર કરવા તેમજ આ સભ્ય સામે સસ્પેન્શન સહિતના પગલાં લેવાની સત્તા મેયરને આપવામાં આવી છે જો કે મેયર સભ્યને સામાન્ય સભામાંથી ૧૫ દિવસ માટે જ સસ્પેન્ડ કરી શકશે તેવી સ્પષ્ટતા પણ આ નિયમમાં કરવામાં આવી છે.

આ નિયમોમાં સભા સંચાલન માટે માર્શલ્સની નિયુક્તી તેમજ સામાન્ય સભાનો એજન્ડા જારી કરવા માટે સાત દિવસની જોગવાઈ, સભ્યોના પ્રવચનોની નોંધ કાર્યવાહી નોંધમાં નહિ કરાય પણ નિર્ણયની નોંધ જ પ્રોસીડીંગમાં કરાશે તેવી જોગવાઈઓ પણ કરવામાં આવી છે.

સામાન્ય સભાએ દરખાસ્ત સવા વર્ષ અગાઉ રજુ કરી હતી જેને સરકારે આખરે ગઈકાલે મંજૂરીની મહોર મારી દીધી છે.







# ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી

## મધ્યપ્રદેશમાં સર્જાયેલ લો પ્રેશર સીસ્ટમને પગલે આગામી ૪૮ કલાકમાં હળવાથી ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી

ગાંધીનગર, તા.૭

પશ્ચિમ મધ્યપ્રદેશમાં અપર એર સરક્યુલેશનને લઈ ઉદભવેલા લો પ્રેશરને કારણે આગામી ૪૮ કલાકમાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ થશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

આજે ગાંધીનગર જિલ્લામાં પણ સાંજના ચાર વાગ્યાના સુમારે ઘણા બધા વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ થયાના અહેવાલો સાંપડયા છે. મળતી વિગતો પ્રમાણે સાંજે છ વાગ્યા સુધીમાં પાંચથી સાત મી.મી. જેટલો વરસાદ થયાના અહેવાલો છે.

વરસાદના વાદળો બંધાયા છે અને રાત્રે તેમજ ૪૮ કલાક દરમિયાન વરસાદ થવાની આશા ખેડૂતોને પણ બંધાઈ છે. હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યાનુસાર આ સીસ્ટમ જે રીતે આગળ વધી રહી છે તેના કારણે વરસાદ હળવાથી ભારે થવાની શકયતા છે પણ આ સિસ્ટમ કાર્યરત કેટલો સમય રહેશે તેનો લઈ મૌન સેવવામાં આવી રહ્યું છે.

બીજી તરફ જિલ્લામાં ટૂંકા ગાળાના પાકોના વાવેતર માટે કૃષિ વિભાગે આયોજન કરી લીધું છે કે જો કે હજુ સુધી ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા હોવાથી જોઈએ તેવો પ્રતિસાદ આ આયોજનને સાંપડયો નથી પણ જો વરસાદ અનુકૂળ બનશે તો આ વાવેતર સારૂ થશે તેવો અંદાજ ખેતીવાડી તંત્ર રાખી રહ્યું છે.

### વરસાદી વાદળોને પગલે વાતાવરણમાં આવેલો પલ્ટો, સાંજે ગાંધીનગર શહેર અને તાલુકામાં છૂટક-છૂટક વરસાદ નોંધાયો

આજે સાંજે ગાંધીનગર શહેરમાં છુટક છુટક વરસાદના છાંટા પડયા હતા જયારે ચિલોડા, પેથાપુર, છાલા, વાસન, રાંધેજા ખાતે સારો એવો વરસાદ થયાના અહેવાલો છે. વરસાદના વાદળો જે રીતે આકાશમાં ઘેરાયા છે તેને પગલે આજે મોડી રાત્રે પણ સારો વરસાદ થવાની સંભાવનાઓ છે.

દરમિયાન હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સાંજના સુમારે વડોદરા-દાહોદ વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો છે.

પશ્ચિમ મધ્યપ્રદેશમાં રચાયેલ આ લો પ્રેશર સીસ્ટમ જે રીતે આગળ વધી રહી છે તે જોતાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરાઈ છે. આ વરસાદ થતાં ખેડૂતોને રાહત થશે એટલું જ નહિ પણ પાણીની સમસ્યામાં પણ રાહત થશે તેમ મનાઈ રહ્યું છે.

